# અંગ્રેજી વ્યાકરણ [ ભાગ 9 ] ગુજરાતીમાં

# Perfect Future Tense

## પૂર્ણ ભવિષ્ય કાળ

– ભવિષ્યમાં ક્રિયા પૂર્ણ થઇ ગયી હશે/ પૂર્ણ થઇ ગયી નહિ હોય તે દર્શાવવા માટે

ભવિષ્યકાળમાં જે સમયનો નિર્દેશ હોય તે સમય કે તે સમય પહેલાં કોઈ ક્રીયા પૂર્ણ થઈ ગઈ હશે તે બતાવવા પૂર્ણ ભવિષ્યકાળ વપરાય છે

મુખ્ય ક્રીયાપદનાં ભૂતકૃદંતની આગળ**to have** નાં ભવિષ્યકાળનાં **shall have** કે **will have** રૂપો મૂકવાથી પૂર્ણ ભવિષ્યકાળ થાય છે

નીચે **to walk** ક્રીયાપદનાં પૂર્ણ ભવિષ્યકાળનાં રૂપો આપ્યા છે તે બરાબર યાદ કરો

**To walk** ( ટુ વોક ) ચાલવું

**એકવચન - Singular**

| | | |
|---|---|---|
| પ્ર. પુરુષ : - | **I shall have walked : -** | હું ચાલ્યો હોઇશ. |
| બી. પુરુષ : - | **You will have walked :-** | તું ચાલ્યો હોઇશ. |
| ત્રી. પુરુષ : - | **He will has walked :-** | તે ચાલ્યો( પુરૂષ ) હશે. |
| | **She will has walked :-** | તે ચાલી( સ્ત્રી ) હશે. |
| | **It will has walked : -** | તે ચાલ્યું ( નાન્યતર ) હશે. |

**બહુવચન - Plural**

| | | |
|---|---|---|
| પ્ર. પુરુષ :- | **We shall have walked : -** | અમે ચાલ્યા હોઇશુ . |
| બી. પુરુષ : - | **You will have walked : -** | તમે ચાલ્યા હશો . |
| ત્રી. પુરુષ : - | **They have walked : -** | તેઓ ચાલ્યા હશે . ( પુરૂષ , સ્ત્રી , નાન્યતર ) |

**હકારાત્મક વાકય** : -

www.shikshansahitya.in

હકારાત્મક વાક્યોમાં સર્વપ્રથમ કર્તાની અંગ્રેજી ત્યાર બાદ **To have** ક્રીયાપદનું કર્તા પ્રમાણે ભવિષ્યકાળનું રૂપ **shall have** કે **will have** મૂકવામાં આવે છે.ત્યાર બાદ ક્રીયાપદનું ભૂત કૃદંત( **Third form** ) મૂકવામાંઆવે છે . ત્યાર બાદ કર્મ ની અંગ્રેજી અને ત્યાર બાદ અન્ય વાક્યો ની અંગ્રેજી કરવામાં આવે છે .

( 1 ) તમે આવ્યા તે પહેલાં મેં ચોપડી વાંચી લીધી હશે.

**I shall have read the book before you come.**

( 2 ) ઘંટ વાગે તે પહેલાં હું નિશાળે પહોંચ્યો હોઇશ

**I shall have reached the school before the bell rings.**

( 3 ) પોલીસ આવી પહોંચે તે પહેલાં ચોર નાસી ગયો હશે.

**The thief will have run away before the policemen come up .**

( 4 ) વરસાદ આવે તે પહેલાં હું ઘેર પહોંચ્યો હોઇશ

**I shall have reached home before it rains.**

( 5 ) ચોમાસું આવશે તે પહેલાં ઝાડ સુકાઈ ગયાં હશે

**The trees will have dried before the monsoon comes.**

## નકારાત્મક વાકય : -

નકારાત્મક વાક્યોમાં સર્વપ્રથમ કર્તાની અંગ્રેજી ત્યાર બાદ **To have** ક્રીયાપદનું કર્તા પ્રમાણે ભવિષ્યકાળનું રૂપ **shall** કે **will** મૂકવામાં આવે છેત્યાર બાદ **not** અને તેનાં પછી **have** મૂકવામાં આવે છે.ત્યાર બાદ ક્રીયાપદ નું ભૂતકૃદંત( **third form** ) મૂકવામાં આવે છે અને ત્યાર બાદ કર્મ અને અન્ય વાક્યોની અંગ્રેજી કરવામાં આવે છે .

( 1 ) તમે આવશો તે પહેલાં મેં કાગળ લખી લીધો હશે.

**I shall have written the letter before you come.**

તમે આવશો તે પહેલાં મેં કાગળ લખી લીધો હશે નહીં

**I shall not have written the letter before you come.**

( 2 ) તમે આવશો તે પહેલાં અમે સૂઇ ગયા હોઈશું

**We shall have gone to bed before you come.**

www.shikshansahitya.in

તમે આવશો તે પહેલાં અમે સૂઇ ગયા હોઇશું નહીં

**We shall not have gone to bed before you come.**

( 3 ) પાંચ વાગ્યા પહેલાં અમે અમારું કામ પુરૂ કર્યું હશે

**We shall have finished our work before five o'clock.**

પાંચ વાગ્યા પહેલાં અમે અમારું કામ પુરૂ કર્યું હશે નહીં

**We shall not have finished our work before five o'clock.**

( 4 ) બસ આવશે તે પહેલાં તમે બસ સ્ટેશને પહોંચ્યા હશો.

**You will have reached the bus station before the bus arrives.**

બસ આવશે તે પહેલાં તમે બસ સ્ટેશને પહોંચ્યા હશો નહીં.

**You will not have reached the bus station before the bus arrives.**

( 5 ) તમે આવ્યા તે પહેલાં મેં ચોપડી વાંચી લીધી હશે.

**I shall have read the book before you come.**

તમે આવ્યા તે પહેલાં મેં ચોપડી વાંચી લીધી હશે નહીં .

**I shall not have read the book before you come.**

## પ્રશ્નાર્થક વાકય : -

પ્રશ્નાર્થક વાક્યોમાં જયારે પ્રશ્નાર્થક શબ્દ " શું " વાકયની શરૂઆતમાં આવે ત્યારે **To have** ક્રીયાપદનું ભવિષ્ય કાળનું રૂપ **shall** કે **will** સર્વપ્રથમ મૂકવામાં આવે છે ત્યાર બાદ કર્તાની અંગ્રેજી અને તેનાં પછી **have** અને તેનાં પછી ક્રીયાપદનું ભૂતકૃદંત( **third form** ) મૂકવામાં આવે છે ત્યાર બાદ કર્મઅને અન્ય વાક્યોની અંગ્રેજી કરવામાં આવે છે .

( 1 ) અમે ઘેર પહોંચ્યા તે પહેલાં સૂર્ય અસ્ત પામ્યો હશે

**The sun will have set before we reach home.**

શું અમે ઘેર પહોંચ્યા તે પહેલાં સૂર્ય અસ્ત પામ્યો હશે?

**Will the sun have set before we reach home ?**

( 2 ) અમે ઘેર આવ્યા તે પહેલાં નોકરે કૂતરાને ખવડાવ્યુ હશે

**The servant will have fed the dog before we come home.**

શું અમે ઘેર આવ્યા તે પહેલાં નોકરે કૂતરાને ખવડાવ્યુ હશે?

**Will the servant have fed the dog before we come home ?**

www.shikshansahitya.in

( 3 ) કૂતરો આવ્યો તે પહેલાં બિલાડી નાસી ગઈ હશે .

**The cat will have run away before the dog comes .**

શું કૂતરો આવ્યો તે પહેલાં બિલાડી નાસી ગઈ હશે?

**Will the cat have run away before the dog comes ?**

( 4 ) બસ આવશે તે પહેલાં તમે બસ સ્ટેશને પહોંચ્યા હશો.

**You will have reached the bus station before the bus arrives.**

શું બસ આવશે તે પહેલાં તમે બસ સ્ટેશને પહોંચ્યા હશો ?

**Will you have reached the bus station before the bus arrives ?**

( 5 ) પોસ્ટમેન આવ્યો તે પહેલાં હું બહાર ગયો હોઇશ

**I shall have gone out before the postman comes.**

શું પોસ્ટમેન આવ્યો તે પહેલાં હું બહાર ગયો હોઇશ?

**Shall I have gone out before the postman comes ?**

www.shikshansahitya.in

પરંતુ જયારે " શું " , " કયારે " , " કયા " , " શા માટે " , અને " કેવી રીતે " જેવા પ્રશ્નાર્થક શબ્દો વાક્યોની વચ્ચે આવે ત્યારે સર્વપ્રથમ પ્રશ્નાર્થક શબ્દની અંગ્રેજી કરવામાં આવે છે .ત્યાર બાદ **To have** ક્રીયાપદનું ભવિષ્યકાળનું રૂપ**shall કે will** મૂકવામાં આવે છે , તેનાં પછી કર્તાની અંગ્રેજી અને ત્યાર બાદ **have** મૂકવામાં આવે છે અને ત્યાર બાદ ક્રીયાપદનું ભૂતકૃદંત**( Third form )** મૂકવામાં આવે છેતેનાં પછી કર્મ અને અન્ય વાક્યોની અંગ્રેજી કરવામાં આવે છે .

( 1 ) તમે આવ્યા તે પહેલાં મેં ચોપડી વાંચી લીધી હશે.

**I shall have read the book before you come.**

તમે આવ્યા તે પહેલાં મેં ચોપડી શું વાંચી લીધી હશે?

**What shall I have read the book before you come ?**

( 2 ) બસ આવશે તે પહેલાં તમે બસ સ્ટેશને પહોંચ્યા હશો.

**You will have reached the bus station before the bus arrives.**

બસ આવશે તે પહેલાં તમે બસ સ્ટેશને કેવી રીતે પહોંચ્યા હશો ?

**How will you have reached the bus station before the bus arrives ?**

( 3 ) પોલીસ આવી પહોંચે તે પહેલાં ચોર નાસી ગયો હશે.

**The thief will have run away before the policemen come up.**
પોલીસ આવી પહોંચે તે પહેલાં ચોર ક્યાં નાસી ગયો હશે ?
**Where will the thief have run away before the policemen come up.**

**( 4 )** આવતી કાલે આ સમયે તમે કામ પુરૂં કર્યું હશે
**You will have finished the work at this time tomorrow.**
આવતી કાલે આ સમયે તમે કામ પુરૂં શા માટે કર્યું હશે?
**Why will you have finished the work at this time tomorrow ?**

**( 5 )** ઘંટ વાગે તે પહેલાં હું નિશાળે પહોંચ્યો હોઇશ
**I shall have reached the school before the bell rings.**
ઘંટ વાગે તે પહેલાં હું નિશાળે ક્યારે પહોંચ્યો હોઇશ ?
**When shall I have reached the school before the bell rings ?**

**નોંધ : -**

ઉપર આપેલાં વાક્યોમાં મુખ્ય ક્રીયાને જે ક્રીયા સાથે સાંકળવામાં આવી છે તેક્રીયા ભવિષ્યકાળની હોવા છતાં ક્રીયાપદનું રૂપ સાદા વર્તમાનકાળનું છે તેધ્યાનમાં લેશો. ( **before the bus arrives.** )

www.shikshansahitya.in